A.M.P. (Govt.) Law College - Rajkot

न्यायस्तत्र प्रमाण स्यात्

Accredited by NAAC
Recognised by BCI and UGC 2(f) 12 (B)
Affiliated by Saurashtra University



www.amplc.ac.in

THE FOUNDER OF

# AMRUTLAL MANSANG PAREKH

## GOVERNMENT LAW COLLEGE - RAJKOT

(Established in 1955)



Respectable

**AMRUTLAL MANSANG PAREKH**

## Vision:

To impart holistic knowledge of law and mould students to be competent legal professionals, committed to the cause of community development through sustained academic activities and research thereby promoting empowerment through legal education for building ethical society.

## Mission:

- Modern lawyers are expected to remain in the know how of these changes and acquire proficiency in these practices. It is our commitment to produce legal eagles who would add new dimensions to the legal profession and contribute significantly towards the social equity and make legal practice value based.
- To enable students to develop as intellectually alive, morally upright, socially responsible citizens with a positive attitude, ever ready for continuous personal and professional growth.
- Our College is dedicated to advancing human dignity, social welfare and justice through knowledge of law and be compassionate members of the society.

A.M.P. (Govt.) Law College - Rajkot

न्यायस्तत्र प्रमाण स्यात्

## ઈતિહાસ

રાજયની કાયદાની કોલેજોમાંની અગ્રગણ્ય એવી પ્રથમ એક માત્ર જૂની સરકારી લૉ કોલેજની સ્થાપના વર્ષ ૧૯૫૫ માં કરવામાં આવી હતી. શરૂઆતમાં ધર્મેન્દ્રસિંહજી કોલેજ સાથે જોડાયેલ હતી. જે ૧૯૮૭ થી અલગ પડી, સ્વતંત્ર કોલેજ તરીકે સ્થાપિત થઇ. રાજકોટના વતની અને અગ્રણી તથા શિક્ષણનું સતત ચિંતન કરનારા એવા શ્રી સ્વ. અમૃતલાલ માનસિંગભાઇ પારેખ દ્વારા કોલેજને દાન આપી કોલેજનું ભવન બંધાવેલ જેના નામ પરથી કોલેજનું નામ અમૃતલાલ માનસિંગભાઇ પારેખ સરકારી લો કોલેજ રાખવામાં આવેલ હતું. આ કોલેજ રાજકોટની મધ્યમાં આવેલ એક ઇતિહાસ ઉજાગર કરે છે. રાજયના અને સમાજના વિકાસમાં સતત પોતાનું યોગદાન આપેલ છે. આ કોલેજે સમાજને આજદિન સુધી કુશળ રાજનેતાઓ જેમાં મુખ્યમંત્રી સહિત અન્ય મંત્રીશ્રીઓ, કુલપતિશ્રીઓ, ન્યાયપાલીકાને સારા ન્યાયધીશો, વિદ્વાન ધારાશાસ્ત્રીઓ અને કુશળ વહીવટકર્તાઓ આપેલ છે.

## એડમિશન ક્રાઈટેરીયા

- LL.B. સેમેસ્ટર-૧ માં પ્રવેશ માટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) ના નિયમો અનુસાર વિદ્યાર્થીએ સ્નાતક કક્ષાએ જનરલ માટે **45%** ગુણ, **OBC** માટે ગુણ **42%** અને **SC** તથા **ST** માટે **40%** ગુણ મેળવેલ હોવા જરૂરી છે.

- વિદ્યાર્થીઓ **10+2** અને સ્નાતક કક્ષાનો અભ્યાસ કરેલ હોવો જરૂરી છે.

- પ્રવેશ માટે અરજી કરતા સમયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિવાય અન્ય યુનીવર્સિટી માંથી અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓએ અરજી સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાથી **Provisional Eligibility Certificate** રજુ કરવાનું રહેશે.

## અદ્યતન ગ્રંથાલય

ગ્રંથાલય કોલેજના શિક્ષણ અને સંશોધન પ્રવૃતિઓને ટેકો આપવા માટે સર્જનાત્મક અને નવીન ભાગીદાર તરીકે સેવા આપે છે. કાયદા વિષયના વર્તમાન અને ભાવિ જરૂરિયાતોને પહોંચી વળવા માટે ડિજિટલ અને પ્રિન્ટ સંગ્રહ અને માહિતીના આદાન-પ્રદાનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. લાઈબ્રેરી રિસોર્સ સેન્ટરનું મિશન વિદ્યાર્થીઓને અને ફેકલ્ટીઓને ઉચ્ચ ગુણવત્તાની માહિતી એકસેસ સુવિધા આપવાનું છે. સેવાઓમાં શ્રેષ્ઠતાની પ્રતિબધ્ધતા સાથે ગ્રંથાલય વિદ્યાર્થીઓની, સંશોધન અને આજીવન શિક્ષણ જરૂરિયાતોને સમર્થન આપવા માટે સેવાઓ પ્રદાન કરે છે. ગ્રંથાલયમાં **16775** રેફરન્સ બુકસ, તથા N-LIST e-resources (6,000 + e-Journals and 125000+ e-books) છે. સાથે રીડિંગરૂમ તથા ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ છે.

# સુવિધા

**સ્માર્ટ કલાસરૂમ | કમ્પ્યુટર લેબ | વાઈફાઈ સુવિધા | મૂટ કોર્ટરૂમ**
**કાનુની સહાય કેન્દ્ર | મહિલા વિકાસ કેન્દ્ર | સેમીનાર હોલ**

**અન્ય પ્રવૃતિ :** રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA) અંતર્ગત થતી પ્રવૃત્તિ

**વોકેશનલ કોર્ષ :** વોકેશનલ કોર્ષ અંતર્ગત સ્કિલ ડેવલોપમેન્ટ ટ્રેનીંગ પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને રોજગારલક્ષી ટ્રેનીંગ પ્રોગ્રામ આપવામાં આવે છે.

**ફીનીસિંગ સ્કુલ :** ફીનીસિંગ સ્કુલ અંતર્ગત પર્સનાલીટી ડેવલોપમેન્ટ, ઇંગ્લીશ કોમ્પ્યુનીકેશન સ્કિલ અને એમ્પ્લોયબિલિટી સ્કીલ્સના પ્રોગ્રામ ચલાવવામાં આવે છે.

**ઈકવલ ઓપોર્ચ્યુનીટી :** SC, ST, OBC, તથા શારીરિક વિકલાંગ વિદ્યાર્થીઓ માટે પરામર્શ પ્રવૃતિ, સ્પર્ધાત્મક પરીક્ષા, સામાજિક પ્રશ્નોના નિવારણના કાર્યક્રમ ચલાવવામાં આવે છે. ઉપરાંત નબળા વિદ્યાર્થીઓ માટે રેમિડીયલ કલાસ તેમજ મહિલા વિદ્યાર્થીઓ માટે જેન્ડર કાઉન્સેલીંગ ઇનોવેટીવ પ્રોગ્રામના કાર્યક્રમ ચલાવવામાં આવે છે.












**સપ્તધારા :** વિદ્યાર્થીઓમાં રહેલા કૌશલ્ય વિકસાવવા માટે સપ્તધારા હેઠળ તમામ પ્રવૃતિ કોલેજ દ્વારા કરવામાં આવે છે.
(૧) જ્ઞાનધારા (૨) ગીત-સંગીત-નૃત્યધારા (૩) નાટયધારા (૪) સર્જનાત્મક-અભિવ્યકિત ધારા (૫) ખેલકૂદ-યોગ-વ્યાયામ ધારા (૬) સમુદાય સેવાધારા (૭) રંગકલા કૌશલ્ય ધારા

**ઉદીશા :** ઉદીશા અંતર્ગત બેજીક ઇગ્લિશ, રાઇટીંગ સ્કીલ, સી.વી. રાઇટિંગ ઇન્ટરવ્યૂ સ્કીલ, અને કેમ્પસ પ્લેસમેન્ટ જોબ ફેર જેવી પ્રવૃત્તિ કરવામાં આવે છે.

**કેરીયર કાઉન્સેલિંગ :** કોલેજમાં કેરીયર કાઉન્સેલિંગ સેન્ટર છે જે પ્લેસમેન્ટ સેલ સાથે સંકલનમાં કાર્ય કરે છે. દર વર્ષે જોબ ફેર કોલેજ દ્વારા યોજવામાં આવે છે, જેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ અને જુદા-જુદા વ્યવસાય સાથે સંકળાયેલ તજજ્ઞો અને ફેકલ્ટી દ્વારા જોબ અંગે માર્ગદર્શન આપવામાં આવે છે.

**વિશિષ્ટ વ્યાખ્યાન :** કાયદાશાખાનાં વિદ્વાનો તથા ધારાશાસ્ત્રીઓ દ્વારા સમયાંતરે ખાસ વ્યાખ્યાનો ગોઠવવામાં આવે છે.

**શૈક્ષણિક પ્રવાસ :** વર્ષ દરમ્યાન શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. જેમાં સર્વોચ્ચ અદાલત દિલ્હી, તથા વડી અદાલત, અમદાવાદ, ફોરેન્સિક સાયન્સ યૂનિવર્સિટી ગાંધીનગર, સેન્ટ્રલ જેલ, અમદાવાદ અને જુદા જુદા રાજયની નેશનલ લૉ યુનીવર્સિટી મુખ્ય છે.













**સ્પોર્ટસ :** કોલેજ/યુનિવર્સિટી અને નેશનલ લેવલની સ્પોર્ટસ સ્પર્ધામાં વિદ્યાર્થીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કરીએ છીએ, તેમજ કોલેજ લેવલ પર સ્પોર્ટસ-ડે, યોગા-ડે ની ઉજવણી કરવામાં આવે છે.

## તેજસ્વી તારલા

★ સોલંકી અમિત (ગોલ્ડ મેડલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ૨૦૧૬-૧૭)
★ ગુર્જવાડીયા કાજલ (૨૦૧૩-૧૪)
★ મણીયાર નીરજ (૨૦૧૪-૧૫)
★ ઠાકર જસ્મીન (૨૦૧૫-૧૬)
★ મકવાણા રણજીત (૨૦૧૭-૧૮)
★ મકવાણા દમયંતી (૨૦૧૮-૧૯)

## કોલેજ પરિવાર

**આચાર્ય**

★ ડૉ. મિનલ એચ. ઉપાધ્યાય

**મદદનીશ અધ્યાપક**

★ ડૉ. પ્રકાશ આર. કાગડા
★ ડૉ. પારસ એચ. જોષી
★ ડૉ. પરમેશ્વર જી. રાજયગુરૂ
★ ડૉ. નીશીતા કે. ગોંડલીયા
★ શ્રી રાષેશ્યામ એચ. દુબે

**મદદનીશ શારીરિક શિક્ષણ નિયામક**

★ ડૉ. રોનક આર. ભેસદડિયા

**ગ્રંથપાલ**

★ શ્રી ભરત એચ. સોંદરવા

**વહીવટી સ્ટાફ**

★ શ્રીમતી ગીતા એચ. બરોચિયા હેડ કલાર્ક
★ શ્રીમતી જયોતિ કે. સોમાણી સી. કલાર્ક
★ શ્રીમતી મુમતાઝ એમ. ઠેબા સી. કલાર્ક
★ શ્રી સંજય એસ. હિરપરા જુ. કલાર્ક
★ શ્રી નીરવ ડી. ચાવડા જુ. કલાર્ક

## કોલેજના નિયમો :

✦ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) ના નકકી કરેલ નિયમ મુજબ ફરજીયાત ડ્રેસ કોડ અને આઇ કાર્ડ સાથે દરેક વિદ્યાર્થીએ કોલેજ આવવાનું રહેશે.

- **For Boys : White Shirt and Black Pant**
- **For Girls : White Salwar and Black Kameez With Dupatta**

✦ દરેક સેમેસ્ટરમાં મિનિમમ 80% હાજરી ફરજીયાત છે.

✦ રેગિંગ, ધુમ્રપાન, માદક દ્રવ્યોનું સેવન, મહિલાઓની છેડતી અને અસામાજિક પ્રવૃતિ કરતા પકડાશે તો કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર પ્રવેશ રદ કરવામાં આવશે.

✦ કોલેજ કેમ્પસમાં ગેરવર્તન બદલ કોલેજ કમિટીનો નિર્ણય વિદ્યાર્થીને બંધન કર્તા રહેશે.

✦ કોલેજની મિલકતને નુકશાન કરતા માલુમ પડશે તો વિદ્યાર્થીએ ભરપાઇ કરવું પડશે, અન્યથા પ્રવેશ રદ કરવામાં આવશે.

✦ કોલેજ કેમ્પસમાં મોબાઇલ પર પ્રતિબંધ છે.

## નોંધપાત્ર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ (Notable Alumni)

| | |
|---|---|
| ★ શ્રી વિજયભાઇ રૂપાણી | મુખ્યમંત્રીશ્રી, ગુજરાત |
| ★ શ્રી વજુભાઇ વાળા | રાજ્યપાલ, કર્ણાટક |
| ★ શ્રી દિલીપભાઇ સંઘાણી | પૂર્વ ધારાસભ્ય |
| ★ ડૉ. કમલેશ જોશીપુરા | પૂર્વ કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, ટીચર યુનિવર્સિટી, ગાંધીનગર |
| ★ ડૉ. એમ. કે. પાડલીયા | પૂર્વ કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા |
| ★ ડૉ. અનામિક શાહ | કુલનાયક, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ★ ડૉ. કલ્પકભાઇ ત્રિવેદી | પૂર્વ ઉપ કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| ★ શ્રી ડી. જી. કારીઆ | ન્યાયાધીશ, ગુજરાત હાઇકોર્ટ |
| ★ શ્રી સી. કે. બુચ | ન્યાયાધીશ, ગુજરાત હાઇકોર્ટ |
| ★ શ્રી ડી. એચ. વાઘેલા | ન્યાયાધીશ, ગુજરાત હાઇકોર્ટ |
| ★ શ્રી એ. એસ. બુધવાની | જીલ્લા ન્યાયાધીશ |
| ★ શ્રી આર. ડી. કોઠારી | જીલ્લા ન્યાયાધીશ |
| ★ શ્રીમતી દિપાલી શેઠ | જે. એમ. એફ. સી. |
| ★ શ્રી કે. બી. ઉપાધ્યાય | સી.ઇ.ઓ. નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (આઇ.એ.એસ., નિવૃત) |
| ★ શ્રી પ્રવિણ સિંહા | આઇ. જી. પી. |
| ★ શ્રી એમ. એન. ઠક્કર | ડે. કલેક્ટર, ગાંધીનગર |
| ★ ડૉ. બી. જી. મણિયાર | અધ્યક્ષ, કાયદા ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| ★ ડૉ. રાજુભાઇ દવે | અધ્યક્ષ, માનવ અધિકાર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| ★ શ્રી અભય ભારદ્વાજ | સભ્ય, લૉ કમીશન ઈન્ડિયા |
| ★ શ્રી દિલીપ પટેલ | સભ્ય, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા |


સંપર્ક :

**એ. એમ. પી. સરકારી લૉ કોલેજ**

ડી. એચ. કોલેજ કેમ્પસ,
ડૉ. હોમી દસ્તુર માર્ગ, ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧.
ફોન : ૦૨૮૧-૨૪૬૫૫૨૩
મો. ૯૪૨૯૪ ૮૪૦૩૩, ૮૨૦૦૪ ૪૦૧૭૭
e-mail: amplawcolege@gmail.com
**web.: www.amplc.ac.in**


